આ ઇલેકટ્રોન એની બધી ઝડપે અણુમા ન્યુકલીયસની આસ પાસ ઘુમી રહ્યા છે કે તે જાણે બધી જગ્યાએ સર્વવ્યાપી હોય તેમ લાગે છે તે આ પણ અત્યારે અહી છે તેમ કહેવા જતા તો તે ફરોઓને અમજો પ્રદક્ષિણા ઘુમી આવીને ક્યાના ક્યાય હોય છે આને Principle of Uncertainty કહે છે

અણુની આવી સૂક્ષ્મ અવગાહનાઓ વિગતો રૂપે મે તને આપી રાખી છે તે વિગતોમાથી રસ ચુસવાનુ કામ તુ કરજે, આઇસક્રુમ ચુસવાની કે કેડબરી ખાવાની તારી ટેવથી તે ટેવ ઓછી રસપ્રદ ને તાજગીભરી નથી

(Microbes Bacteria & Virus) માઇક્રોઇસ બેકટરીયાને વાયરસના વિચારમાથી આવો જ અખુટ રસ ખજાનો ભર્યો છે! માઇક્રોબ્સને હજારગણુ મોટુ કરીએ તો જ તે દેખાય તેવો સૂક્ષ્મ જીવાણુ છે માનવીને હજારગણો મોટો કરીએ તો તે આબુ પહાડ જેવડો થાય એ પછી ઇલેક્ટ્રોનીક માઇક્રોસ્કોપ શોધાયુ તેના દ્વારા લાખઘણુ મોટુ કરીને જોવાની શક્તિ માનવીને ઉછીની મળીને તે દ્વારા તેણે Virus વાયરસ શોધાયા તારી એક સુદર વાળસટને મુબઈથી વિલેપારલે જેટલી મોટી કરીએ તો લાખ ઘણી મોટી થઈ કહેવાય

બેકટીરિયા માઇક્રોબ્સને વાયરસની જીવનલીલા, જીવનનિર્વાહ ને અનેક સૂક્ષ્મ પ્રશ્નો પર આનદપૂર્વક તુ કલાકો વીતાવી શકે ખરેખર એક પદાર્થ એવો નથી જે તને ન કહે કે જીવન જીવવા જેવુ છે માત્ર તે પદાર્થ સાથે હૃદયની દોસ્તી બાધજે ચોકલેટના રસ જેવી દોસ્તી બાધજે આ રસાનુભવ સાથે

આ બધુ શોધનાર માનવબુદ્ધિ ને તેની પાછળની પ્રકૃતિની રચના પણ ઓછી આશ્ચર્યકારક છે

સૃષ્ટિ તો ખરે જ હું ખાતરીથી માનજે અનો ભંડાર છે હકીકત એ છે કે માનવે તેની રસાનુભવની તાકાત Enjoying Capacity છે Capacity ગુમાવી છે મે, તે, ને આપણે સર્વેએ ગુમાવી છે આથી તો જીવન જીવવા જેવું છે, કે નહીં તે ઉત્પાતમાં નહીં જઈએ છીએ

ચીકણી માટીમાંથી બનતા અને મોંઘી પ્રમાણથી જીવજંતુના રંગીન પુષ્પ પાંદડીઓને જો ! ખરે જ એક એક ફૂલમાં મધબિંદુના સાત રંગ છે એક એક જળબિંદુમાં પરીઓનો પાતાળલોક છે એક એક આરસના ટુકડામાં દેલવાડાનું શિલ્પ છે એક એક માનવ હૃદયમાં કાશી ને કબ્બાલ-બુદ્ધગયા ને યરૂસલમ છે નથ છે તે માનવીની આંતર તાકાતનો ! દરેક વિકટિંગ સુગંધ નાટક આપણી ચારેબાજુ છે તમામ હશે તો આપણા જ આંગણામાં આપણી જ આંખો સામે જોવા મળીને અત્યારે મળશે પણ એ રસાનુભવની તાકાતનો તે તારે વિકસાવવી જ રહી હર ઉપાયે હર કોઈ રીતે, કારણ જીવન જીવવા જેવું છે એ સત્ય જો આપણે ગુમાવી દઈશું તો આપણે આપણું સ્વત્વ ગુમાવ્યું છે સમગ્ર ગુમાવ્યું છે પગ નીચેની ધરતી ગુમાવી છે આગામી વિદ્દિન મૂળ દશામાં અંધકારથી રિબાતા સડ્યા કરવાનું પછી તો રહેશે

હું ભાગ્યશાળી છું—એક દૃષ્ટિએ—કે હું વિજ્ઞાનયુગમાં છું કારણ રસાનુભવની શક્યતાઓ સારી છે તેની સામગ્રી કદી ખૂટ નથી છે રસસામગ્રીના નવા નવા પ્રદેશો ખુલતા જાય છે

હું એકાદ ' નેશનલ જ્યોગ્રાફીક મેગેઝીન' લાઈફ, કે ફોરચ્યુન' ઉઘાડું ને તને તરત એમેઝોન નદીની ઇલેક્ટ્રીક ઈલ માછલી જોવા મળશે તે માછલીમાંથી વહેતી ૬૦૦ વોલ્ટની વિદ્યુત એવી પ્રબળ હોય છે કે ઘોડો ˜ ˜ સ્પર્શ માત્રથી નાખે છે

તુ એક રીડર ડાયજેસ્ટ કોરોનેટ કે કોરીયર ઉપાડ તેનસિગે ચોમાસુઝમાની ચોટી પર લાલ પેંસિલનો ટુકડોને પીપરમીંટ દેવા પેંધુ કગતા શુ ભાવ અનુભવ્યા હશે તે તને પ્રત્યક્ષ થશે

આરામખુરશી પગ પંખા નીચે બેસીને એચ જી વેલ્સનો જગતનો ઇતિહાસ વાચ અને તને પથ્થરયુગના શિકારી માનવીથી માંડીને તે અણુયુગના યુદ્ધખોર માનવીના વૈવિધ્યભરી જીવનકથા અવનવા આશ્ચર્યોથી ભરી દેશે માત્ર એકાદ બે વર્ષમા તુ કાલીદાસ હેમચંદ્રાચાર્ય કે શંકરાચાર્યની સમગ્ર જીવનમંજુરીનુ તટસ્થ સરવૈયુ કાઢી આશ્ચર્યમા ડુબી શકીશ

આ યુગ રસાનુભવનો છે દરેક યુગમા હિંસા ગરીબાઈ, ગુલામી અજ્ઞાનતા તો હોય જ છે તેમાથી રસસૃષ્ટિના અદ્ભુત પરીપ્રદેશ સર્જવા ને રસ ટુંટવો તે તારી ને મારી તાકાતનો પ્રશ્ન છે વિધિના આ મહાશાસનની સર્વોપરી મહત્તાનો વિચાર કરતા કરતા જે ભાન ભૂલીને ઝુકી ગયો નથી તે મૃત્યુ પામેલ છે એમ હુ કહુ છુ આઈન્સ્ટાઈન પણ કહે છે

જીવન રસદાન માટે છે અને મનુષ્ય રસપાન–રસ પીવા માટે છે જીવન નદી છે જે રસ વહેવડાવે જાય છે મનુષ્ય સમુદ્ર છે જે રસ પાયે જાય છે કોણ પહેલુ થાકે તેની હોડ છે મનુષ્ય જ જીતશે કારણ કે ઉપનિષદમા મનુષ્યને રસૈન સ રસાનારસનમ કહ્યો છે જીત તારી છે મારી જ છે, પ્રકૃતિની જ છે કારણ જીત માટે જ આપણે સૌ સર્જાયા છીએ જીત માટે જ આ સમગ્ર વિશ્વ રચનાનુ ખોખુ ઊભુ થયુ છે

*◌

(૩)

આપવાથી તુ મેળવીશ એ પ્રકૃતિનુ સત્ય છે કોઈને જીવન શ્રદ્ધા આપ જીવનમા રસ જગાડ કોઈનો ખોવાયેલ જીવન આનદ તેને શોધી આપ ને પ્રકૃતિનુ વરદાન છે કે તને તે સઘળુ આપોઆપ મળશે પરમાર્થ દ્વારા સ્વાર્થને સાધ

દરેકના જીવનમા અસહ્ય દુખો ક્યારેક ને ક્યારેક આવે જ છે કોઈ માતાના એકના એક પુત્ર કે પુત્રી મૃત્યુ પામી તેની પાસે તુ જા ને કહે કે હુ તમારો પુત્ર છુ કે તમારી પુત્રી છુ

કેટલીયે સ્ત્રીઓ પ્રાઇમસથી દાઝીને સળગે છે ને પુરુષો મકાન પરથી કુદી પડે છે પાટાપિંડી કરતા કહે કે તમારા હતભાગ્યમા મારો પણ દોષ છે કારણ કે તમારા માટે મે કશુ જ કર્યું નથી

કેટલાય નાના બાળકોની આખ જતી રહે છે, કાન જતા રહે છે લકવો થાય છે રસ્તામા મોટરની અડફેટમા તેઓ ઉછળી પડે છે તેઓ પાસે તુ જા ને કહે કે હુ તમારી માતા છુ, તમારા માટે મારુ મધુર સ્મિત ને ચુબન લાવી છુ જે દ્વારા તમારા જીવનની સઘળી કડવાશ હુ બહાર ચૂસી લઈશ ને થુકી કાઢીશ.

જેઓની આખ જતી રહી છે તેઓ પાસે જા અને કહે હુ તમારી આખો બનીશ સૂર્યાસ્તના રગબેરગ હુ તમને બતાવીશ મારી આખો વડે

કોઇ જીવનકેડીના શુન્ય એકાંતથી રડી ઉઠી ચામાચીડિયા જેમ ઉંધે માથે લટકે છે તો કોઇ ઘૂવડ જેમ અંધારામાં ઘુરકે છે તેઓ પાસે તું જા અને કહે પ્રકાશ નજીકમાં છે તેને આવતા મેં જોયો છે હું પ્રકાશનું કિરણ બનીને આવી છું

હું કોઇ કાગળ લખવાના-મુડમાં-આ બધું નથી લખતો આ મેં વેદનામાંથી લખ્યું છે, જે વેદના મા । દુઃખોમાંથી નથી આવી પણ તારા દુઃખોમાંથી મને મળી છે પ્રકૃતિના દુઃખોમાંથી મને મળી છે હું જાણું છું તું ઉત્વલેણુ રીતે જીવન સામે વીરતાથી ઝઝુમે છે તે સમયે કાવ્યની લાકડાની તલવાર આપી તારી મશ્કરી નહીં કરું તને ઉમદા ભાવના આપું છું માનસ વિજ્ઞાન કહે છે ભાવનામાં પ્રચંડ શક્તિ છે ઇચ્છાયોગમાં તું આવ પછી થઇ શકે તેટલું કર બધું જ પૂર્ણતાથી આપણે ક્યારેય કરી શકીએ નહિ જ પાંચદશ મિનિટ એવું કંઈક કર જે બીજાના મુખ પર હાસ્ય લાવે અને જીવન તને હસતું લાગશે

આ દ્વારા આપણે કશું જ કોઈ પાસે ઇચ્છતા નથી આપણે માત્ર ઇચ્છીએ છીએ કે પ્રકૃતિ ખુશ રહે આપણાથી નારાજ તે ન રહે આપીને મેળવો ને પ્રાકૃતિક સત્યને અનુરૂપ થવા પ્રયત્ન કરીશું તો પ્રકૃતિ ખુશ જ રહેને આપણે તો માત્ર પ્રયત્નો જ કરવા રહ્યા તુટયાફુટયા કાચાપાકા પ્રયત્નો જ તેનાથી બીજું કાઇ નહિ થાય તો ય જીવન તો ઉલ્લસીને ગતિશીલ રહેશે ને જીવનશ્રધ્ધા તાજી જ રહેશે

લોકો ખુશ થઇને શું આપી આપને આપવાના છે? થાળી વગાડવાના હતા? લાઉડ સ્પીકર ગોઠવવાના હતા? સાકરના પડિયા વહેંચવાના હતા? લોકો ખુશ હોય તો ય શું ને ન હોય તોયે શું!

આપણા આનંદ ખાતર કરવું છે આપણે સારૂ કરીએ છીએ

કારણ સારાને ચાહવું તે આપણો સ્વભાવ છે બીજો કોઈ સ્વાર્થ હેતુ નથી

તું નાનું એવું સારૂ કામ કર કોઇના વસ્ત્ર ફાટી ગયા છે તો સાંધી દે કોઇ નાના છોકરાને ટી ગઢી બનાવી દે હવે મોટેલી ગની કળામા તે તું એક્ષપર્ટ છે તારી નાનકડી કૃતિની પ્રેમાળ ભેટ કોઇ અજાણ્યા બાળકને કેમ ન આપે?

કોઈને પણ બે પળ તારો સહાનુભૂતિભર્યો કાન દે તેઓની વાતમા ભલેને ધર્મ, વિશ્વજીવનના સત્યો ન હોય, પ્રકૃતિના ઊ ા રહસ્યો ન હોય હૃદયના કોડિયામાં ન્રુગધી તેલ પુરવાની આશા તેઓની વાતમા ભલે ન હોય તેઓની વાત ભલેને અતિ સામાન્ય હોય તેઓ નાના હતા ત્યારે આબાના ઝા પરથી કેરી કેમ તોડતા કે શામકી માસ્તરે છેલ્લી પાટલી પર ઊભા રાખીને અગુઠા શા માટે પકડાવ્યા તે વિશેની વાત હોય ખ્તા પૂર્ણરસથી તે સાભળજે પાચદશ મિનિટ તેઓની નાની ઓરડીમા પ્રાઇમસના ઘોઘાટ વચ્ચે સાભળ તેઓની જીવનશ્રદ્ધા તૂટી ગઇ હતી તે સધાઇ જશે. તારી પાસે પાંચપચીસ બાળકો બેસા કરીને તેઓને હસાવ તેઓને ગીત ગવડાવ રાણીબાગમા ને મ્યુઝિયમમા લઇ જા નિસ્વાર્થ માનવતાનો મહિમા અનુભવ આ બધી જીવનની રસિકતા છે, સર્વ પ્રત્યે માતૃહૃદય તું કેળવ કોઇનુ લોહી વહેતુ બધ કર. કોઈકના ઘા સાફ કર અને તને સમજાશે જીવન ધારે છે તેટલુ કડવુ નથી લોકો ધારે છે તેટલા સ્વાર્થી નથી સસાર ધારે છે તેટલો પ્રપચી નથી તું દરેકને જોશે તો તને લાગશે કે કોઈક આપણને ચાહે — સ્વાર્થ, વિના લોભે-વિના કશુ માગ્યે-માત્ર ચાહના ખા

તુ જાણે છે શા માટે સાધુ જોડા પહેરતા નથી? શા માટે તેઓ સ્નાન કરતા નથી? શા માટે તેઓને રસોડુ નથી? ચુલો નથી? શા માટે દૂંટો ને કમાટો નથી? શા માટે દિવાસો ને ઘત નથી? શા માટે તેઓ મરતા છતા હિંસક દવા નથી લેતા?

શા માટે તેઓ ઊંઘમા પણ પડખુ બદલતા જમી ન સાફ કરે છે? પ્રમાર્જિત કરે છે? શા માટે સાધુ નીચી દૃષ્ટિએ સાચવીને પગલા માંડે છે? શા માટે જાણે કે કોઇ કીમતી દસ્તાવેજ કે માંદા બાળકને જે સભાળથી લઇએ તે રીતે તે વસ્તુઓ લે છે ને મૂકે છે?

શા માટે સાધુ કડવા તુંબડાનુ શાક પણ જમીનમાં નાખવુ પસંદ નથી કરતા ને પેટમા રેડી દે છે?

આ બધા પાછળ તેઓનુ માતૃહૃદય છે સાધુજગતની માતા છે કોઇ પણ જીવને દુઃખ થાય તે સહન નથી કરી શકતો અન્યના હિતમા કલ્યાણકારી જીવન તે જીવવા પ્રયત્ન કરે છે

હુ ને તુ તો સાધુતાના પૂજક છીએ પ્રકૃતિનુ આ સત્ય છે માતા બનો! માતૃહૃદય કેળવો હુ ઇચ્છુ છુ નાના પાયા પર તુ થોડીક શરૂઆત કર ને માતૃત્વનો અમર લ્હાવો આધ્યાત્મિક અર્થમા લે જીવન તને સફળ લાગશે

ગાયના બે શીંગડા વચ્ચે હાથ પંપાળવામા પુણ્ય માનનારા હિંદુઓ મૂર્ખ નથી તે દ્વારા તેઓ સમગ્ર પશુસૃષ્ટિ પ્રત્યે માતૃભાવ કેળવે છે તુલસીનો ક્યારો આંગણામા રાખનાર હિંદુઓ મૂર્ખ નથી તે દ્વારા તેઓ સમગ્ર વનસ્પતિ સૃષ્ટિ સાથે અભેદ ભૂમિકા રચી માતૃતત્વ કેળવે છે જગતપિતા રૂપે ઇશુને પૂજનાર ક્રિશ્ચિયને।

મૂર્ખ નથી તે શું? જગતપિતાની સઘળી સંતાનસૃષ્ટિ સાથે પ્રેમ દૈત રાખી અહિંસક ભાવ કેળવે છે નાગપંચમીને દિવસે નાગને દૂધ કેમ પાય છે? વરસાદથી તેઓના દરમાં પાણી ભરાવાથી અતિથિ થઈ બહાર ભમે છે તેનો અનાદર કેમ થાય? ચોરવાડમાં તો અગાથયાની વેર ને આમાં પર ચગાવતા ત્યાંના કોળીઓ સર્પોત્સવ ઉજવે છે ઘેર કંસાર રંધે છે, એર મંત્રો ભણે છે સ્ત્રીઓ ગાણાં ગાય છે કેવો અભેદભાવ! આંગણામાં માટીના લીંપણની પ્રથા શા માટે? તેવનું ટીપું પડે ને જીવતું મરે તો! છોકરા ઉંના વેત લઈને મંદિમાં જઈ કુંડી ભરી ચોખા નાખી આવતા આપવાનું શિક્ષણ મળે ત્યાં!

આપણે ત્યાં જમતી વખતે બાજોઠની પ્રથા થઈ તે પણ એટલા માટે કે ગરમ થાળી જમીન પર મૂકતા રખે ને એકાદ બે જંતુ ચંપાઈ જશે તો!

મે તને કહેલું કે કુમારપાળ રાજાના લશ્કરના ઘોડાઓ પાણી પીતા તેય ગાળેલું ને નક રાજા ઘોડા પરથી બાજુ રૈકના તે પણ પ્રમાર્જતું ૫૯

મળ ર આ ગ્રાનીપાળ ગ્રંથ ભાવનાનું છે માતૃહૃદયની અમર ભાવના ત્યાં છે તું સર્વની માતા છે એ ભાવનાથી વિશ્વ તરફ જો જીવન ઉદ્ધારરૂપ સાધશે ફરી ફરીને ન આવે તેવા ઉદ્ધારરૂપ

જીવન કદાચ તારા માટે તને જીવવા જેવું ન લાગે તો બીજા માટે જીવવાનો પ્રયત્ન કર તારા જીવનમાં તું સુખી ન થઈ શકે તેમ લાગે તો છેવટે બીજાઓ તારા ય જીવનથી સુખી નહિ થાય તેમ કેમ માને છે? તારા સુખદુઃખના કરતા બીજાઓના સુખદુઃખને વધુ મહત્વ આપીશ તો જીવન અવશ્ય તને જીવવા જેવું લાગશે તારા જીવન ચો બીજાઓના સુખમાં થોડોક પણ ઉમેરો શક્ય

હોય તો તે શું અવશ્ય જીવવા જેવુ નથી?

અન્તરના આનંદથી—જીવનના ઉલ્લાસથી કોઇકને તારું હેતાળ સ્મિત આપ જેમાં તારા હૃદયનું પવિત્ર ગીત હોય, તેવું હાસ્ય કોઇક ને કોઇ રસ્તા પરના અજાણ્યા મિત્રોને આપજે સૌ કોઇને એવા હાસ્યની જરૂર છે તારુ એ નિસ્વાર્થ સ્મિતદાન સૌ સંઘરી રાખશે અને જ્યારે તેઓના જીવનમાં અંધારી રાતે સઘળા તારાઓ ખોવાઈ ગયા હશે ત્યારે તે સંઘરેલ તારા સ્મિત કિરણો વડે જીવનશ્રધ્ધાની નાની અમથી મીણબત્તી સળગાવશે

ક્યારેક તું તારા ટેબલ પર હોય ત્યારે એકાદ પોષ્ટકાર્ડ લેજે, તારી કોઈ દૂરના મિત્રને લખજે લખજે કે હું તને યાદ કરું છુ તારી પ્રેમાળ સ્મૃતિઓમા હું આળોટુ છુ તુ નથી ત્યારે જાણું કે એમ લાગે છે કે સૂર્ય ઠંડો પડી જાય છે ને ચંદ્ર તપી ઉઠે છે કોઇ દૂર વસતા નાના હૃદયમા એનુ એકાદ વાક્ય ટપાલપેટીમાં નાખેલ એ એકાદ બે આનાનુ પોષ્ટકાર્ડ સામા પાત્રમા શુ શુ સાત્ર નહિ જગાવે? કદાચ ક્યારેક તેને આપઘાત કરતા બચાવશે ક્યારેક અંધારા ખુણામા ભીંત સાથે રડી રડીને માથુ અફાળતા બચાવશે ક્યારેક ગાડાની હોસ્પિટલમાં એમદ પથારી ઉમેરાતા અટકાવશે તારુ એ સાદુ અમથુ પોષ્ટકાર્ડ

કોઇજમા ફિતાવળે જતા રસ્તામા ઘણા પાટીવાળા મજૂરો તને કોઇક જગ્યાનુ સરનામુ પૂછશે ચિરિયા ચાલ્યો જાય છે કહી તુ ચાલી જઈશ? તેને બે ચાર મિનિટ પણ નહિ આપે અને બે ચાર મિનિટ આપવાથી તેને ભર્યું ભર્યું લાગશે, જીવન જીવવા જેવુ લાગશે

કોઇને માયાળુ બે ચાર શબ્દો કહે માતા પાસે માયાળુ શબ્દો ન હોય તો કોની પાસે હોય? તારા ઘરમાં પોસ્ટમેન ટપાલ નાખવા આવે તો તેને ઉભો રાખીને પૂછજે, તારે રોજ કેટકેટલ બારણા

કોઇના પગ ના હશે? કેટલા દાદરા ચઢવા પડતા હશે? રોજ કેમનું ચાલતું પડતું હશે એ તેનું મુખ હસી ઉઠશે સલામ કરીને ચાલી જશે

તારી કૉલેજના પટાવાળાને પૂછજે–તારું કુટુંબ દેશમાં છે? તારાં બૈરાંછોકરાંના ફોટા છે? મને બતાવ, તું જોજે તેના ચહેરા મૂખની રેખાઓ ભુંસાઈ જશે તને તે માતા ગણશે ને કાલાકાલા શબ્દો બોલશે

કોઇ માળામાં લીફ્ટમાં જતા હોય તો લીફ્ટમેનને કહેજે કે એની લીફ્ટનો દરવાજો બંધઉઘાડ કરીને સલામ કરવાની ચપળતા કેટલી સુંદર છે! કોઇ દુકાનદાર પેકેટ પર સુંદર ચપળતાથી કાગળ વીંટાળતો હોય ને દોરી બાંધતો હોય તોએ તેને કહેજે કે એની કળા તને પસંદ પડી છે

આ કાંઇ પશ્ચિમનું અનુકરણ નથી આમાં પૂર્વપશ્ચિમની વાત નથી આ તો માનવતાની વાત છે માનુહૃદયની વાત છે

પશ્ચિમે બધું આપણી પાસેથી જ લીધું છે આ તો આર્ય સંસ્કૃતિનું મૌલિક સત્ય છે અહિંસા, સહૃદયતા, સર્વમયતા

હું એવી વ્યકિતને જાણું છું જેણે ટ્રામ બસમાં એક અજાણ્યા મિત્રનો રસ જોઇને એક સુંદર દળદાર પુસ્તક ભેટ આપી દીધું ન તેનું નામ પુછ્યું ન ઓળખાણ! માત્ર આપવાના આનંદ ખાતર આપી દીધું

તું પણ એવું કયારેક કરવાની ભાવના કેમ ન રાખે? વીલ્સન કેમની પીકનીક મુકીને કોઇ ઘરડી ઓના કપાળે કોયનવોટરના પોતાં મુકવા એમે માન ભાવના ગખવાની વાત કરું છું, હૃદયમાં તું જે ઇચ્છે છે તેનું મહત્વ તું જે કરે છે તેથી ઉતરતું કશું જ નથી હૃદયની ભાવનાથી મોટી કોઇ તાકાત આ દુનિયામાં નથી તે

ભાની રે.. એવું ઘણું છે જેની આપણે માત્ર

ગમી શકીએ છીએ પણ એ ભાવના દ્વારા આપણા વ્યક્તિત્વનું મૂલ્ય ઘણું જ વધે છે તેમાં કોઈ શંકા નથી બહુ જ કોઈ આપણે કરી શકવાના નથી પણ ભાવનામાંથી તો ન જ ચૂકીએ વ્યવહાર માર્ગ તો તે જ છે

કોઈ હોસ્પિટલમાં તારો મિત્ર માંદો હોય તો ત્યાં જઈ માત્ર ખબર જ ન કાઢ અધિક કલાક ત્યાં ગાળ અને ન્યૂઝપેપર કે ગમતી ફાઈલ તેને રસ પડે તેમ બતાવી તેને વાંચી સંભળાવ।

તારું માતૃહૃદય સર્વ કોઈ અનુભવો! કોઈ કોઈ એમાં પણ ચહેરો પાંચ દસ મિનિટ ગાળીને પ્રકાશિત કરી દે અને જો તે તારા હૃદયના મિનારા ઊંચી ઉડશે તારી જીવનકુંજમાં કોકીલા ટહુકશે પેલો છોકરો જ્યારે બારી પરથી ગાદી પર પડતું મૂકીને જેસી જેમ્સનો પાઠ ભજવે છે ત્યારે કે પેલી નાની છોકરી તેના ઓશિકાના ગલેફ પર ભરતકામ કરે છે ત્યારે માતાજી એ શબ્દો બોલતા તેઓ હસી ઉઠશે

તારું હૃદય તો માયાળુ પ્રથમથી જ છે તેને તું વિકસાવ

માતૃહૃદયથી જગતને તું અપનાવ ને એવો રણકો તારા સમણામાં વાગશે કે તું તે સમણાના રણકામાં સમજી શકે જીવન અવશ્ય જીવવા જેવું છે કારણ મૃત્યુથી તે અધિક બળવાન છે દરેક ધર્મમાં આ Reverence For Life જીવતત્વના બહુમાન નો સિદ્ધાંત ઓછા વત્તો છે તેને તું અપનાવ

★

[૪]

તુ જેમ જેમ વિચારીશ તેમ તેમ તને ખાતરી થશે કે આ દુનિયાનો મોટો વર્ગ જીવતો નથી પણ માત્ર જીવવાનો દંભ કરે છે They do not Live They merely Exists તેઓ માત્ર અસ્તિત્વ વહન કરે છે માત્ર હોવાપણાનો ભાર જ ધારણ કરે છે માત્ર કાળના પૂછડે પકડીને ઘસડાયા કરે છે

કકડીને ભૂખ લાગી હોય ત્યારે તુ શુ જમવા બેઠી છે? તે વખતે ખ્યાલ આવે છે કે અન્ન કેવુ પવિત્ર છે! આજે આપણે સાચી ભૂખ કેટલી ગુમાવી છે! આજના માનવી પાસે ખિસ્સામાંથી હોટેલના બિલો જ નીકળશે જેટલા નીકળે તેટલો હોજરી પર જુલમ થયો માનજે સાચી ભૂખથી તુ જ્યારે જમે છે ત્યારે તુ જીવે છે

જ્યારે ખરી તરસ હોય ત્યારે તે પાણી પીધુ છે? કેવા મધુરા આશીર્વાદરૂપ તે પાણી બને છે? પર્વત ચડતા હોય ને બાજુમા ઝરો આવે થાકી ગયા હોય ને કંઠ શોષાતો હોય ત્યારે એ જળપાન કેટલુ મધુર લાગે છે? સાચી તરસથી તુ પાણી પીવે છે ત્યારેય તુ જીવે છે

સાચા થાક પછી તુ ઊંઘે છે ત્યારેય તુ જીવે છે વિનોબાજી કહે છે કે સૌથી સુખી તે કે જેની હોજરી સારી છે તેમા

કે સૌથી સુખી તે કે જે પડે તેવો ઊંઘે હુ તો માનુ છુ કે આપણી બધી વસ્તુનો સ બ ધ પાપપુણ્ય સાથે છે ઊંઘનો પણ આજે આપણી દુનિયામા પાપ વધ્યુ છે અને પુણ્ય ઘટ્યુ છે જ્યારે તને થાક પછી મીઠી ઊંઘ આવે ત્યારે માનજે કે તુ ખરા અર્થમા જીવે છે

જ્યારે તુ ખુ લી હવામા પ્રકૃતિના સુ દર સ્થળે કાંઇ પણ હેતુ વિના ફરવા નીકળી પડે છે, ત્યારે ય તુ જીવે છે આજે આપણુ જીવન કેટલુ બેશકુ થઇ ગયુ છે! દરિયાકિનારે તારાજડિત આકાશ નીચે મૃદુ સમાલહરીનો હાથ પકડીને તુ ફરવા નીકળે છે તે સમયે જે વિચારો એની મેળે જાગે તે જાગવા દેજે પરાણે વિચારને પકડવા મહેનત કરવી નહી વાતાવરણની એ ભ વ પવિત્ર તા જ તારા વિચારોની કવૉલીટી ઉ નત રાખશે ક્યારેક બ્રહ્માડની સૂક્ષ્મતા તારી સાથે અથડાશે ક્યારેક બ્રહ્માડની વિરાટતા તારી સામે આવી ઊભશે ક્યારેક એ સૂક્ષ્મતા ને વિરાટતા હાથમા હાથ મિલાવી હસતા હસતા તારી સામે આવીને ખડા થશે તુ ફરતા ફરતા અટકી જઈશ! તને થશે કે આ બે અ તિમ સામસામા છેડા એક સાથે ક્યાથી? તારા પગ પાછા પળભર અટકી જશે ઉપડશે જ નહિ આ તો પ્રકૃતિ છે! કાંઇ જેવી તેવી વસ્તુ ઓછી જ છે! એ આશ્ચર્યનદથી ફરવાનુ ચાલુ રાખીશ વળી આગળ થોડુ ક ચાલીશ અને પ્રકૃતિનુ નવુ સ ય તારી સાથે અથડાશે

જડ અને ચૈતન્યનો આ શો મેળ! આ બેઉના મિશ્રણમાથી કેવી અગણિત ચિત્રવિચિત્રતાઓ ઊત્પન્ન થઇ છે! બ્રહ્માડમા માત્ર એકલો ચૈત ન પ્રવાહ જ હોત તો શુ થાત? માત્ર એકલો જડ પદાર્થ જ હોત તો શુ થાત? એ બેઉનુ મિશ્રણ સરજાવીને આ વિશ્વના અગણિત રૂપો ઘડનાર એ સુપ્રીમ ઇન્ટેલીજન્સ કંઇ? અને

વળી તું ફરતા ફરતા પાછો વળી જઈશ તારી ચારે બાજુથી મગરોળ થાય છે કે ઓહમહૂરવામ્ ને તું પળભર મસ્તાન છે! પણ પળભર થંભીને આગળ જાય છે તું આગળ વધે છે ને નિર્જન રાત્રિએ એકાદ પથ્થર પર બેઠી દરિયામાં પણ એકાદ ને એક બેઠ ફરતું ફરતું રહ્યું લાગ્યો છે કે મોટરની હેડલાઈટમાંથી ઝગમગતો થતો ઝળઝળાટ જુએ છે ત્યાં દરિયો તારું ધ્યાન ખેંચે છે નાગ માનવા મોંગા ગળગચાટ કરે છે ને પ્રકૃતિનું નવું સત્ય કહે છે તે કહે છે કે તું હસે છે ત્યારે પ્રકૃતિ ગર્જે છે તું રડે છે ત્યારે પ્રકૃતિ હસે છે

પુનમની દશામાં નિર્જન સમુદ્ર કે વૃક્ષોની હાર વચ્ચે તું જ્યારે ફરવા નીકળે છે ત્યારે પ્રકૃતિનું સત્ય આપોઆપ તને પરખે પરખે આ રીતે જ વળગશે. તને એ જ્ઞાન વિષે સમજાશે કે-ઉપરોક્ત ફરવા રાતની એની દશા આપણી અને સત્યને વધુ ઊંડે ખોલે છે

જ્યારે જ્યારે આ રીતે તું વિના હેતુ, વિના પ્રયોજન કુદરતના ખોળે વિરાટ આકાશ નીચે ફરવા નીકળે છે ત્યારે તું જીવે છે

જ્યારે કોઈ કરુણ વેદના દેખે છે ત્યારે તું એ દર્દમાંથી ખિન્નખિન્નાટ થાય છે, અને તારા મધુર નેત્રોમાંથી સતત પ્રવાહ અશ્રુરૂપે વહી જાય છે તો ત્યારે પણ તું જીવે છે

જ્યારે તું ફરવા નીકળે છે અને તો રમણીની ચીકાશમાં પગપગ ભરીને ફરોગ જુએ-પ્યારો ને પક્ષીઓ જુએ ત્યારે અગમ્ય વસ્તુઓને મેઘધનુની વેદનામાંથી નીકળીને તારા એમ પ્રેમાળ મિત્રને, એકાદ સુંદર સ્વપ્નને, ચાંદ સુંદર દેહને, બોલવાની લાગણીને, અને વિચાર શક્તિની જેવી એકાદ અશ્રુભીને પણ કાવ્ય એને જે આપ્યા છે તેને અનંત સેજે, અજ્ઞાનની ગુફામાંથી તું જ્યારે આપના સ્નેહમાં

જાય છે ત્યારેય તુ જીવે છે અપ્રાપ્તના મૃગજળ કરતા પ્રાપ્તનુ અંજલિજળ જીવન ક્યારેક બચાવશે જ્યારે તુ, અપ્રાપ્તની વેદનાને બદલે પ્રાપ્તના સંતોષથી તૃપ્ત છે ત્યારે ય તુ અવશ્ય જીવે છે

જ્યારે તુ તારી અત્યંત નીકટના મિત્ર સાથે હૃદય ખોલીને અંગત સુખદુખોની વાત કરે છે ત્યારે ય તુ જીવે છે મિત્ર પાસે બોલના મનમા કશુ જ સંતાડાતુ નથી હૃયે તે હોઠે એ ત્યા આવે છે મિત્ર સાથેની ચર્ચામા શબ્દો જોખવા પડતા નથી વિચારો માપવા પડતા નથી એક સ્વાભાવિક મરોડમા શબ્દપ્રવાહ વહી રહ્યો છે ગેરસમજ થવાની કોઇ ચિંતા નથી કારણ મિત્રતાના પરમઅમૃતમા બેઉ તરબોળ છે

તારા નીકટના મિત્રો સાથે ચર્ચાનો આનંદ લીધો છે? જે મિત્ર ચર્ચાઓમા સર્જક વિચારોની મૌલિક આપલે થાય છે, જીવનના વિવિધ પાસાઓ પ્રત્યે આકર્ષણ તે ચર્ચાઓમા મિત્ર સાથે અનુભવ્યુ છે? ક્યારેક તમારી વાતમા જીવનના વિવિધ રૂપો ને સ્પર્શીને વહી છે? ક્યારેક માતાની મમતા પર, ક્યારેક બાળકની નિર્દોષતા પર વેપારીના લોભ પર મજૂરના પ્રમાણીક શ્રમ પર ખેડૂતના ધરતી પ્રેમને અને ભરવાડના પશુપ્રેમ પર, કળાકારની ધૂન પર, ફિલસૂફની ઉદાસીનતા પર, નર્તકીના વિલાસઘેન પર, સમ્રાટના ગર્વિષ્ઠ અટ્ટહાસ્ય પર ગૃહજીવનના મધુર દામ્પત્ય પ્રેમ પર, કુટુંબ સમાજના અવિભાજ્ય એકમ પર-મૃત્યુંજયવીરની અમાપ શાંત પર, જીવનના આ વિવિધ પાસાઓની છણાવટ મૌલિક ચર્ચાઓ દ્વારા મિત્રો સાથે કરી છે? અને વિશ્વ પ્રત્યે નવુ આકર્ષણ-જીવન પ્રત્યે નવી મહોબત અનુભવી છે? આવા સર્જક વિચારોની મૌલિક આપલે મિત્રો સાથે તુ કરે છે ત્યારે ય તુ જીવે છે

તારા જીવનમા તુ ઘેરો શોક, [અ] Genuine sorrow સાચા વિષાદની કાલિમા અનુભવે છે, ત્યારે ય તુ જીવે છ તારામા તે

સમયે શાન્ત ઉદાસીનતા હોય છે હૃદય વેદનાથી નમ્ર ને શાન્ત બન્યું હોય છે તું કશું મરવા ન ઇચ્છે, ન વિચારવા માગે ન કાંઇ ઇચ્છવા માગે માત્ર એ શાન્ત મધુર વેદનામાં તું જીવે છે ધડકાઓના ભાર વિના જાણે કે મન હળવું બન્યું છે આઘાત પ્રત્યાઘાતની જ્વાળાથી જાણે કે શુદ્ધ થયું છે જાણે કોઇ નવા જ અર્થમાં મગ્ન થયું છે જાણે કે હાર સ્વીકારીને નીરવ શાન્તિમાં પ્રકૃતિના ચરણે માથું મૂકીને તું પોતે જ્વાળા માગે છે દુઃખ પ્રિય ગુંજવાઇ ગયું છે કશુંક અપ્રિય આવીને અથડાયું છે ગયું જ તે ભૂલી જઇને વેદનાના માધુર્યમાં પગ મૂકે છે અહંને છોડી દઇ ને ધીંગ વિવાદથી મુક્ત ને રસિક બની રહે છે એવો ધીરો વિષાદ તું જ્યારે અનુભવે છે ત્યારે પણ તું જીવે છે

તું જીવે છે જ્યારે તું સ્નેહમયી માતાની ગોદમાં માથું મૂકે છે તું જીવે છે જ્યારે તું નાના શિશુને તાલીમ આપે છે તું જીવે છે જ્યારે પ્રેમાળ મિત્રોના વાંસે ધપાટ મારે છે તું જીવે છે જ્યારે તું ઉદિત અરુણની સલિગામાં અગાસીએ ચડી સ્નાન કરે છે ને શરદપૂનમની શાન્ત સુધામાં મોતી પરોવે છે તું જીવે છે જ્યારે તું અમન ભૂખથી ખાય છે અસહ્ય તરસથી પાણી પીએ છે, અસહ્ય ખરા થાકથી ઊંઘે છે તું જીવે છે જ્યારે બારીબારણાં બંધ કરીને, આંખો બંધ કરીને યાતનાને અનુભવીને એકલો અટૂલો તું વિશ્વરચનાનો ઇતિહાસ અને બ્રહ્માંડનું વિજ્ઞાન તપાસે છે તું જીવે છે જ્યારે તું મિત્રો સાથે મૌલિક વિચારોનું સર્જન કરીને જીવન વિશેના નવીન દૃષ્ટિકોણો શોધે છે તું જીવે છે જ્યારે હિમગિરિમાં ભક્તિથી તારું માથું નમે છે, ને તે પાછું ઊંચે કરવાનું પણ તું ભૂલી જાય છે તું જીવે છે જ્યારે ક્રન્દન લોકોના માનસિક પ્રહારો સામે તું તારી સ્વરચના નિભાવ પણ ખોવે નહિ અને પ્રસન્ન નેત્ર લોકો પર ઝૂકતા સાચવી રહે છે તું જીવે છે જ્યારે તું ઋષિઓની

સામે સામા પગલે જઈને તેના નાક પર મુક્કો પછાડીને ભયના દોર ચીરી નાખે છે ને આખો ફોડી નાખે છે તુ જીવે છે જ્યારે કોઈ મહાન અદશ્ય હેતુની અખડ આરાધના માટે તુ આખી સૃષ્ટિનુ રાજ્ય પણ જતુ કરે જ્યારે તુ તારા એકાદ સ્વપ્ન માટે આખી સૃષ્ટિને પાણીમા ડૂબાડે અને પ્રેમની વેદી પર પ્રેમની કરબન વધેરે, ત્યારે તુ જીવે છે

તુ જીવે છે જ્યારે તારુ ગાન તને પખીઓએ આપ્યુ હોય, તને રગો ફૂલોએ આપ્યા હોય, તુ જીવે છે જ્યારે તને સ્વપ્ના આકાશના દૂરના તારાઓએ આપ્યા હોય—ગર્જના સિંહે આપી હોય ને ઉડ્ડયન ગરૂડે આપ્યુ હોય—ત્યારે ય તુ તે સર્વેની અમર સજાવટ માણ્યા કરતી વખતે જીવે છે

જ્યારે તુ ભૂતકાળની સ્મૃતિ વેદનામા રીબાય છે ત્યારે તુ જીવત નથી જ્યારે તુ અદશ્ય ભવિષ્ય તરફ અમીટ મીટ માડીને અદબ વાળીને બેસી રહે છે ત્યારે તુ જીવત નથી, જ્યારે તુ વર્તમાન પગમા તારી સમગ્રતા વડે જઈ બેસે છે ત્યારે તુ જીવે છે જ્યારે સમાજની રૂઢિ પ્રમાણે તારા વર્તુળમા મિત્રાચારીની રમત રમીએ છીએ ત્યારે આપણે સૌ જીવતા નથી જ્યારે એક આખ ઘડિયાળ પર રાખીને છોકરા રમાડીએ છીએ કે પુસ્તક વાચીએ છીએ ત્યારેય આપણે જીવતા નથી સાત વાગ્યા એટલે ચહા મૂકો ને નવ વાગ્યા એટલે થાળી પીરસો તેવા યાત્રીક ચક્રમા જ્યાસુધી ભીસાઈએ છીએ ત્યા સુધી આપણે જીવતા નથી જ્યારે આપણે અધારામા કાતરિયા પર ટૂટિયુ વાળીને ધ્રૂજતા બેસીએ છીએ ત્યારેય આપણે જીવતા નથી

જ્યારે આપણે બારી ખોલીએ છીએ, ખૂલા આકાશ પ્રત્યે મીટ માડીએ છીએ અને સુદૂર વિપૂલ સુદૂરને સ્પર્શીએ છીએ ત્યારે આપણે જીવીએ છીએ

[૫]

જીવન અવશ્ય જીવવા જેવું છે આવા આતરસૂચનો-ઓટો સજેશ ન auto Suggestions તું મૂકજે રોઝા બુકેનીનું દૃષ્ટાંત મે તને કહ્યું તે વાત-ઓટો સજેશન્સની મહાશક્તિ જ બતાવે છે વારવાર તું જીવન જીવવા જેવું છે એ આતરસૂચનો-auto suggestions પૂરજોશથી કરજે અને એક વખત એવો આવશે જ્યારે તું પથારીમાથી આળસ મરડીને બેઠા થતા જ બારીમાથી જે પ્રભાતનો માદક વાયુ પ્રવેશશે તે તને અનેરી સ્પષ્ટતાથી સદેશો આપશે કે જીવન જીવવા જેવું છે ભગવાન મહાવીરે દશ દષ્ટાંતે દુર્લભ આ મનુષ્યજન્મ કહ્યો છે એ દશદષ્ટાંતો તને રુચશે કહીશ મને ખ્યાલ છે ત્યાં સુધી તને કહ્યા હશે ગાડાની ધુસરીને રત્ન ચૂર્ણનો દૃષ્ટાન્ત તો કદાચ કહ્યો હશે જાણે કે અનાદિ કાળથી મહાપ્રયત્ને એકએક પુણ્યકણ સઘરતા આવતા તે પુણ્યરાશી મહામેરુ બન્યો અને તે વટાવીને આ મનુષ્યજન્મ આપણે ખરીદ્યો છે આ માત્ર પુરાણપ્રણાલીના અશિક્ષિત લોકોની મનફાવતી કલ્પના જ નથી પણ પ્રકૃતિનું એક મહાસત્ય છે હું ઇચ્છુ છુ કે તારામા એવી તો-સગ્સ રીસેપ્ટીવીટી-ગ્રહણગ્રાહકતા આવે કે જ્યાં ક્યાય પણ જે રીતે જેવું પણ પ્રકૃતિનું સત્ય દેખાય કે તેને ન ચાહી શકને ખોળીમા ભેળવી દે

નીરિક્ષણ પરીક્ષણ સમન્વયકરણ, પૃથક્કરણ, વર્ગીકરણ, સમીકરણ–આ સર્વ જ્ઞાનની પ્રક્રિયા માત્ર એક જ પ્રજ્ઞા તરફ લઈ જવી જોઈએ જે પ્રજ્ઞાનો અર્થ છે–સટલ રીસેપ્ટીવીટી–સૂક્ષ્મ ગ્રહણશક્તિ જેના દ્વારા પ્રકૃતિનું સત્ય ગમે ત્યાંથી ગમે ત્યારે પ્રત્યેક વિચારમાં, આપણે સુધારાયા પામે, સમન્વય પામે કે દર્પણ પ્રતિબિંબ ન્યાયે આપણા પ્રત્યેક વિચારમાં પ્રકૃતિનું સત્ય પરોવાઈ જાય અને તે પણ તદ્દન નૈસર્ગિકપણે

મનુષ્યજન્મનું આટલું ગૌરવ ભગવાને કેમ ગાયું ? મનુષ્ય-જીવનમાં જે આનંદની સર્વોત્તમ સાધના અનુભવી શકાય છે તે બીજે ક્યાંય નથી

વિકાસનું પર્યવસાન છે આનંદ માનું છું વિકાસ એટલે ક્લિષ્ટમય પ્રક્રિયા જ નહિ વેદનાનું આંસુ નહીં, પણ વિકાસ એટલે આનંદમય તૃપ્તિ

અધ્યાત્મમાર્ગમાં હરપળે આનંદ જ છે જો આનંદ નથી તો તે અધ્યાત્મ નથી પણ તે માર્ગ કોઈ અંધારી ગલીની છેતરામણ છે આ માર્ગ પર માત્ર આનંદ, આનંદ ને આનંદ જ છે જીવનની મશીનરીનો પ્રત્યેક સ્ક્રૂ એવી રીતે ફીટીંગ કરાયો છે કે જેમાંથી માત્ર આનંદનું જ–માસ પ્રોડક્શન–ઉત્પાદન થાય

જીવન એક આનંદભર્યું સાહસ છે– *Joyful Adventure* છે આ વિચારદોરી પર લાકડી લઈ સમતુલન રાખી આગળ વધજો નાનું બાળક કાગળની રંગીન મુખાકૃતિઓ પહેરેલ mask થી શરૂઆતમાં ડરી જાય પણ તે ઉતરાવતાં તરત જ તેની પાછળનું સૌમ્યમુખમંડળ તેને દેખાય, જેની પ્રત્યેક મુખરેખામાં આનંદની

છે પ્રકૃતિમા સામાન્ય એવુ કશુ જ નથી, ઠીક છે ચલાવી લઈએ, એવી અડધી કાચી મા મનાતુ લેબલ પ્રકૃતિની કોઈ બનાવટ પર લગાડાય તેમ નથી પ્રકૃતિનો પ્રત્યેક પદાર્થ, પ્રત્યેક પ્રસગ ને પ્રત્યેક પાન, અનોખી રસછટાથી છલકાયેલ છે એ એક હકીકત છે પ્રકૃતિ ભલે જડસિદ્ધાતોનુ બધારણ હોય-પણ રસાનામ રસતમ એ રમેશ્વરની છાપ ઝીલવાનો એ અધિકાર માત્ર પ્રકૃતિને જ છે

ઉપર જણાવેલ નાના નાના પ્રસગોમા શુ એટલો આનદ તરવરતો નથી જે ઊડીને આખે ચોટી જાય ? છાતીએ વાગી જાય ? સવારે આપણી પીના ઓરીમા જે સોનેરી પ્રકાશની છાયાની કળાત્મક રચના રચાય છે તે જોતા જ આ વાતની તને ખાતરી થશે પ્રકૃતિ બહુરૂપીણી છે તેનુ પ્રત્યેક રૂપ, માનવી માટે ચિત્તપ્રસન્નતાનુ નિયત્રણ બની રહે છે પ્રકૃતિ મહાન બાજીગર છે તેની પ્રત્યેક ઈન્દ્રમાયા જીવનરસની અમૃત પ્યાલીને આપણા હોઠ સુધી લાવી દે છે હોઠ ઉઘાડી ઘૂટડો લેવાની ફરજ માત્ર માનવીની જ છે

આનદ તો જ્યાથી લેવો હોય ત્યાથી લઈ શકાય છે-કારણ કે વિશ્વરચનાનો એક ખુણો એવો નથી, એકે ઘટ કે ચૂનો એવો નથી જે આનદમા બોળ્યા વિનાનો હોય

માતાની ગોદથી માડીને તે ધરતીની ગોદમા કે જ્યા પાછા ફરીએ છીએ ત્યા સુધી, કેરલ હુ ક્રીમેશન-જે કાઇ પરિસ્થિતિઓ સર્જાય છે, પાત્રો ઘડાય છે-પદાર્થો અથડાય છે તે સર્વમા આ આનદના જ અશો વેરાયેલા છે બાજપખી જેવી જેની આખ છે અને ગરૂડ જેવી જેની પાખ છે તે એ આનદ વીણશે હુ તેટલે જ અશે સુખી થઈ શકીશ, જેટલે અશે સુખી થવાની તારી ઇચ્છા છે વિચારનુ ચક્ર દુરપયોગ કરીશ તો જીવનના ટુકડે

ટુકડા પણ કરી દે છે સદુપયોગ કરીશ તો વળી આત્માના ઓજસ અનો મૂલ્નપ્રવાહ પણ વહેવડાવી શકે છે વિચારચક જે દિશામા ઘૂમશે તે દિશા તે ઉતરો વિચારવિદુનને યોગ નાળામા વહેવડાવી, ધાર્યો પાક ઊતારજો

વિચારના મૂળમા એવી એક લોખડી પકડ લાવ કે જેની પર સાત સાત પૃથ્વીઓ ઊભી રહી શકે વિચારોના મૂળ જે ધરતીના હૃદયમા છે ત્યા સશોધન કરતુ રહ્યુ માનવજીવન ઉતવા જેવુ છે અવશ્ય ફરી ફરીને ઉતવા જેવુ છે લાઇફ ઇઝ વર્થ લીવીગ એ વિચારભાવના ઉગનાગ્ર પર આપણા સમગ્ર જીવનની સૃષ્ટિ ઝમી એોએ જ્યારે આજે—કે મે ગલ બેઝીઝ ઓફ અવર થોટ પેગન—આપણા સર્વ વિચારોના મૂળમાં એક ભયાનક ઝેરીલી ભૂલ રહી છે આપણે જાણ્યે અજાણ્યે સર્વ કોઇ માની રહ્યા છીએ કે ઉવન એક આદ્યમાનતા કાળાપાણીની જન્મટીપની સજારૂપ છે ગમે તે ભોગે તે સજા ભોગવવી જ રહી પછી ઇચ્છો તે નિંદા કરીને, દારૂ પીને, જુગાર રમીને, ઝઘડા કરાવીને, પથરા ફેકીને, ચતમ ફૂકીને, ગમે તે રીતે મરવાના વાકે ઉવતા રહીએ છીએ

હુ દ્રઢપણે માનુ છુ કે પ્રકૃતિમા આનાથી વધુ નામોશીભરી કાયરતા કોઇ નથી પ્રકૃતિમા બે જ વર્ગ છે એક કાયરનો, બીજો વીરનો પ્રકૃતિએ જ્યારે આપણને માનવ બનાવ્યા છે ત્યારે તારી ને મારી ફરજ છે કે કાયરતાના વર્ગમાથી રાજીનામુ આપી વીરતાના વિભાગમા દાખલ થઇએ લાઇફ ઇઝ ટુ લીવ એ ડ ટુ લીવ ટ્રાયમ્ફ ટલી, એ વાત જ સર્વ વિચાર, ઊર્મિ ભાવના સંસ્કાર ને વૃત્તિના મૂળમા લોખડી પકડ રૂપે હોઈ જેના પર સાતલોક ખડા રહી શકે તો જ ઉવન ખરેખર ઉવવા જેવુ છે તે સ્વીકારવામા કોઇ ના પનિક બળાત્કાર કરનારો રહેતો નથી હુ આખ ખોલ અને તને દેખાડો

કે રસાનુભવોના કેટલાય પ્રયોગો ચિત્ત પ્રસન્નતાની કેટલીય તકો—આનંદ મગ્ન પ્રવૃત્તિના કેટલાય સાહસો તારા હૃદય પાસેથી વ્યર્થ વહી જાય છે.

ટેકરી પર ખુલ્લા મેદાનમાં કે દરિયાકિનારે ડૉક પર જઈને પરોઢિયે તે ઊંડા શ્વાસોચ્છ્વાસ લીધા છે? એ શ્વાસોચ્છ્વાસની સામાન્ય રોજિંદી ક્રિયા પણ ત્યારે કેવું આનંદમયું સાહસ બની રહે છે?

રાતનો અંધકાર હોય, ધોધમાર વરસાદ વરસતો હોય ત્યારે બારીબારણાં બંધ કરીને, ઘરના એકાદ ખૂણામાં રોકિંગ ચેર પર બેસી તે એવી રહસ્યકથા વાંચવી શરૂ કરી છે જેના પહેલે જ પાને ભોંયરાઘરમાં ભેદી પગલાં પડતાં સંભળાતાં હોય. આ શું નાનું અમથું આનંદમયું સાહસ નથી?

ટેકરી ચઢતાં ચઢતાં, ઊંચે રહેલી ગુફામાં અગ્નિજ્વાળાનો ફૂંફાડો નાકમાંથી કાઢતી ડ્રેગન Dragon છે, એ કલ્પના કરી છે? જીર્ણ પર્ણોથી વ્યાપ્ત માર્ગારોહણ કેવું આતુર ઉમંગથી થાય? એ પણ આનંદમયું સાહસ નથી?

દાતના ડોકટરને ત્યાં તું જાય અને ત્યાંના વેઈટીંગ રૂમમાં કોઈ એવી વ્યક્તિ મળી જાય જે તને રંગૂન જતા સ્ટીમરમાં મળેલ હોય કે જર્મની જતા એરોપ્લેનમાં મળેલ હોય તે સમયે તને થાય કે દુનિયા કેવી નાની છે. આવો રસાનુભવ પણ આનંદનું નાનું એવું સાહસ નથી?

એકાદ વૃક્ષના થડનું લાકડું ગાલે લગાડ! એ લાકડામાં કેટકેટલા અનુભવો ભર્યાં છે. કેટલીયે વર્ષાઋતુનો ઉન્માદ અંદર, કેટકેટલા ઋતુઓનો વાસ અંદર છે. કેટકેટલા પથિકોએ પ્રવાસની ઘેરી આશાનિરાશા તેની છાયડીમાં રેલાવી હશે! તે થડના લાકડાએ પંખીઓના માળામાં એકાદ નવું સ્વજન ઉમેરાતું કે ઓછું થતું જોયું હશે. વીજળીના ચમકારામાં તે ઝાડનું થડ ઝબકીને જાગ્યું

હશે! વાદળની ગર્જનાથી જાગીને બેઠું થયું હશે અને વળી પાછું મંદમંદ વર્ષાબિંદુની શીતળ કરુણાથી નિશ્ચિંતપણે પોઢી ગયું હશે આવું નાનું ધાન્ય લાકડું કેટકેટલા ભાવો આપણા ગાલે અડકાડતા વર્તતા કરે છે! આ પણ નાનકડું સુમધુર સાહસ નથી?

સ્ત્રીઓ જ્યારે કપડાની દુકાનમાં ખરીદી કરવા જતી હોય છે તે પ્રસંગ અવશ્ય જોવા જેવો છે તટસ્થતાથી જોઈશ તો ત્યાં પણ નિર્દોષ આનંદનો મસાલો છે

પરીક્ષામાં સ્કોલરશીપ લઈને પાસ થનાર બાળકનું મસ્તક તેની વૃદ્ધ કંગાળ માતા પ્રેમથી ચુમતી હોય છે તે દૃશ્ય પણ જીવનનો થાક ઉતારી જ દે

સમગ્ર બ્રહ્માંડની રચના મુખથી તે પગના અંગુઠા સુધીની આ આનંદની જ કાચી સામગ્રી Raw matter મસાલામાંથી સર્જાઈ છે આથી આવા આનંદનું પ્રત્યેક નાનું મોટું સાહસ બ્રહ્માંડના મર્મની આરપાર વીંધતું હોય છે પ્રકૃતિના અવગાહનરૂપે હોય છે

હું ઇચ્છું છું તું આનંદની-ચિત્તપ્રસન્નતાની આવી બેફામ લૂંટ ચલાવે તો પછી તને જીવન જીવવા જેવું કેમ ન લાગે? જેટલો સાત્વિક આનંદ વધુ લઈ શકીશ જીવન તને વધુ જીવવા જેવું લાગશે માનવજીવનનું પરમગૌરવ, વિશ્વનો અંતિમ હેતુ-પ્રકૃતિના અસ્તિત્વનો પરમ અર્થ છે આ ચિત્ત પ્રસન્નતા તારી સમગ્રતા વડે તું તે પામ અને જીવન તને ફરી ફરીને જીવવા જેવું લાગશે



આ પત્રો વાંચ્યા પછી
તમોને જે વિચાર
ને સંવેદનો
જાગ્યા હોય તે
લખવાનું
હાર્દિક
આમંત્રણ
છે



પત્ર વ્યવહાર આ
સરનામે કરવો

સાધના પબ્લિકેશન્સ
૩૫, હમામ સ્ટ્રીટ
બીજે માળે,
ફોર્ટ, મુંબઈ-૧

—આ પુસ્તિકા વિષેના અભિપ્રાયો—

વસંતભાઈના આ પ્રકાશનથી આખો જ સમાજ તેમનો ઋણી રહે છે.

વળી આજે જ્યારે સમાજમાં અને ખાસ કરીને ભાવિ નાગરિકોમાં શિસ્ત અને સાચી સમજનો અભાવ પ્રવર્તે છે ત્યારે આ પુસ્તિકા જેવા પ્રકાશનોને શાળા-કૉલેજોમાં પાઠ્ય પુસ્તકો તરીકે જો અપનાવવામાં આવે તો તે જરૂર ભાવિ નાગરિકોના જીવન ઘડતરમાં માર્ગદર્શક પુરવાર થશે.

ફરીથી આ પત્રોના વાચનારાઓને તેમાંથી અપૂર્વ અને અનન્ય પ્રેરણા વારિ પાન કરવા મળશે એવી ખાતરી વ્યક્ત કરતાં અમે અચકાતા નથી.

તંત્રી—બીજ, જી, ચિત્રલેખા —મધુરી કોટક

જીવન જીવવા માટે છે એ સૂત્ર જ કેટલું વધારે પ્રેરક છે. આ પત્રોની માવજત એવી ઘનિષ્ઠ રસપ્રચુર રીતે અને ઉગતી ફૂલ લેખન શૈલીથી થઈ છે કે વાચકને રસપ્રવાહમાં પત્રો તાણી જાય છે. આ સિદ્ધિ નાનીસૂની ન ગણાય. અનેકોની સુપ્ત જીવન શ્રદ્ધા આ પત્રો અખંડિત કરશે. —શ્રી ચુનીલાલ મડિયા

જીવન જીવવા જેવું છે એ આ પત્રોના એક એક વાક્યમાં રવિન્દ્રનાથ ટાગોર જેવું ભાવલાલિત્ય, ખલિલ જિબ્રાન જેવું મનોમંથન અને ચિંતન તેમજ વૂડહાઉસના જેવી નગ્ન સત્ય આલેખવાની રીત આ બધું એકાકાર થઈ રેડાયું છે. આ પત્રો સારાયે સંસારને તેમજ સમાજને નૂતન પ્રેરણા અને જ્ઞાનનું સુંદર શિક્ષણ પૂરું પાડશે. —શ્રી ધીરજલાલ વોરા

આ પત્રો અનેકોના જીવનમાં વસંત લાવશે અને વસંત આવતા મઘમઘતી બહાર તો ઝૂમી જ રહે. —કનૈયાલાલ દવે